ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/262 Dt. 23/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઓઝેમ્પિક જેવી દવાઓ લેવાથી વજન ઉતરે?, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રસપ્રદ સેમિનાર યોજાયો

## જીએલપી દવાઓ 30-35 બીએમઆઈ ધરાવનારાઓ માટે ખૂબ જ ફાયદાકારક: ડૉ. વિક્રમ લોટવાલા

## દવાઓ સાથે સ્ટ્રક્ચર્ડ ડાયેટ પ્લાન ખૂબ જ જરૂરી: ડૉ. પૂજા અરોરા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, 21મી ડિસેમ્બરે સવારે 10:30 કલાકે સમૃદ્ધિ, નાનપુરા ખાતે વજન ઘટાડવા આધુનિક અભિગમો અને મેદસ્વીતા વ્યવસ્થાપન પર આધારિત એક જાગૃતિ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે દર રવિવારે ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ હેઠળ કાર્યક્રમો થાય છે. ચેમ્બરની સતત વિસ્તરતી વૈશ્વિક પહોંચનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે વિદેશોમાં આરોગ્ય ક્ષેત્રે ઘણી તકો છે. અને તબીબોએ ચેમ્બર સાથે એ તક ઝડપવા આગળ આવવું જોઇએ.

મેદસ્વીતા રોગ નિષ્ણાત ડૉ. વિક્રમ લોટવાલાએ સેલિબ્રિટીઓ ઉપયોગમાં લે છે એ મોન્જારો/ઓઝેમ્પિક જેવી નવી પેઢીની વજન ઉતારવાની દવાઓ શું ખરેખર કામ કરે છે? એ વિશે બોલતા સૌ પ્રથમ મેદસ્વીતાનાં કારણોની ચર્ચા કરી હતી. ભારતમાં 24 કરોડ લોકોને ઓબેસિટી છે, ઓબેસિટી ડાયાબિટિસને સાથે લાવે છે. એમાંથી 80 ટકા લોકોનો બીએમઆઈ 30-35 વચ્ચે છે. 35ની ઉપર બીએમઆઈ માટે સર્જરીનો વિકલ્પ છે પણ 30-35વાળા માટે કોઇ અસરકારક ઉપાયો ન હતા. હવે નવ્દી દવાઓ આવી છે.

ઓઝેમ્પિક ભારત માટે નવી છે. તેમણે કહ્યું કે 95% લોકોને આ દવા પછી વજન ઘટે છે. આટલો સફળ ગુણોત્તર કોઇ દવાનો નથી. પણ દવા મોંઘી છે, સસ્તી થાય તો પણ કાયમ માટે લઈ ન શકાય એટલે લાઈફ સ્ટાઈલ ફેરફાર, ડાયેટ અને કસરત પણ એટલા જ મહત્વના છે. 10% અમેરિકનો આ દવા લેતા થયા છે, એના ફાયદા વધુ છે, 100 નવી દવાઓ પાઈપલાઇનમાં છે.

ડાયેટ અને ન્યુટ્રિશન નિષ્ણાત ડૉ. પૂજા અરોરાએ "ટકાઉ રીતે વજન ઘટાડવા માટે આધુનિક ડાયટ પ્લાન" વિષય પર માર્ગદર્શન આપ્યું અને તંદુરસ્ત આહારના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ઘણા લોકોને એવું લાગે છે કે ઓઝેમ્પિક જેવી દવાઓ લેતા હોઈએ તો ડાયેટની જરૂર નથી પણ આ બહુ મોટી ગેરમાન્યતા છે, સ્ટ્રક્ચર્ડ ડાયેટ પ્લાન ખૂબ જરૂરી છે. પોષણ અને ઊર્જા માટે પણ યોગ્ય ડાયેટ જરૂરી છે.

કાર્યક્રમના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારુલ વડગામાએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી. અંતે પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી.